**ડાયરેક્ટ ❤ સે**

સમય, સત્તા, સંપત્તિ, શરીર
સાથ આપે કે ન આપે
સદ્‌ભાવ, સમજદારી
અનો સાચો સંબંધ
હંમેશાં સાથ આપશે

## જન્મદિને વધામણી



પ્રભુદાસ એસ રત્નોત્તર
મો. ૯૮૯૯૯ ૮૦૫૯૬



બી બી સિંહ
મો. ૯૬૮૭૨ ૧૦૦૯૩



ધ્રુવ ગિરીશ નિલગિરિ
સભ્ય, ગુજરાત થિયોસોફિકલ ઓર્ડર ઓફ સર્વિસ
મો. ૯૮૨૪૧ ૫૮૦૭૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# ઊર્જા ફૂટબૉલ સ્પર્ધાનું રંગારંગ સમાપન





ફૂટબૉલને લોકપ્રિય બનાવવા અને ફીફા અન્ડર-૧૭ વર્લ્ડ કપ માટે બહેતરીન ટીમ પસંદ કરવા માટે વિભિન્ક કેન્દ્રીય પોલીસ દળોને રાજ્યોમાં 'ઊર્જા' ફૂટબૉલ ટુર્નામેન્ટ યોજવાની જવાબદારી આપવામાં આવી હતી. ગુજરાતમાં બીએસએફને આ ટુર્નામેન્ટ યોજવાની જવાબદારી સોંપવામાં આવી હતી, જે અંતર્ગત પ્રથમ ચરણની સ્પર્ધાનું આયોજન ૧થી ૮ મે દરમિયાન કરવામાં આવ્યું હતું. રાજ્યભરની સ્કૂલ્સ અને ક્લબ્સની ૧૬ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જે પૈકી ૮ ટીમ છોકરાઓની અને ૮ ટીમ છોકરીઓની હતી.

સ્પર્ધાના ૬ દિવસો દરમિયાન ૩૨ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાઈનલ મેચ એસએજી યુથ ટીમ અને બરોડા ફૂટબૉલ એકેડેમી વચ્ચે યોજાઈ હતી, જેમાં એસએજી યુથ ટીમનો વિજય થયો હતો. છોકરીઓના વર્ગમાં ફાઈનલ મેચ એસએજી જુનિયર ટીમ અને એસએજી યુથ ટીમ વચ્ચે યોજાઈ હતી, જેમાં એસએજી જુનિયર ટીમનો વિજય થયો હતો. એસએજી જુનિયર ટીમનાં ખેલાડી હેતલ ઠાકોર અને બરોડા ફૂટબૉલ એકેડેમીના ખેલાડી રોહિત ફર્ટ્યાલને શ્રેષ્ઠ ખેલાડી ઘોષિત કરવામાં આવ્યાં હતાં. એસએજી યુથ ટીમ, ગાંધીનગરનાં ખેલાડી માનસી વેકરીયા અને એસએજી જુનિયર ટીમ, ગાંધીનગરના ખેલાડી રાજ સિંઘને શ્રેષ્ઠ સ્કોર કરવા બદલ ગોલ્ડન બૂટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

ટુર્નામેન્ટનો સમાપન સમારોહ સોમવારે સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. સમારોહનાં મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ વિભાગનાં અગ્ર સચિવ સુનયના તોમર, બીએસએફ ગુજરાત ફ્રન્ટીયરના આઈજી અજય તોમર, અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડી પારૂલ પરમાર, વર્લ્ડ કપ કબડ્ડી પ્લેયર સંદીપ નરવાલ ઉપસ્થિત રહ્યા હતા.

### ૨૪ જુલાઈથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થશે

# સોમવારથી પ્રારંભ પામી રહેલા શ્રાવણ માસમાં પાંચ સોમવાર

ગાંધીનગર, તા. ૯

તા. ૨૪મી જુલાઈથી શિવભક્તો માટે સૌથી પવિત્ર એવા શ્રાવણ મહિનાનો પ્રારંભ થઈ રહ્યો છે. તેમાં સોનામાં સુગંધ ભળે તેમ પાંચ સોમવાર તો ખરા જ, પરંતુ ૨૦ વર્ષે એક વિશિષ્ટ સંયોગ થઈ રહ્યો છે, જે અંતર્ગત સોમવારથી જ શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે અને તેની પૂર્ણાહુતિ પણ સોમવારે જ થઈ રહી છે. એટલે કે આ શ્રાવણ મહિના દરમિયાન જળાભિષેક અને શિવજીનું વિશિષ્ટ પૂજન પણ ભક્તો દ્વારા કરવામાં આવશે. ખાસ કરીને શિવપાર્થિવેશ્વર પૂજનનું પણ ખાસ મહત્ત્વ છે.

વિક્રમ સંવત-૨૦૭૩માં શ્રાવણ મહિનાનો પ્રારંભ તા. ૨૪ જુલાઈથી થઈ રહ્યો છે, આ તારીખે સોમવારે છે અને તેની પૂર્ણાહુતિ તા. ૨૧મી ઓગસ્ટના રોજ થઈ રહી છે એટલે કે અમાસનાં દિવસે પણ સોમવાર છે. માટે જ 'શ્રાવણ માસમાં સોમવતી અમાસ'ની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. જો વર્ષવાર ગણતરી કરવામાં આવે તો અગાઉ વિક્રમ સંવત-૨૦૫૩માં એટલે કે વર્ષ-૧૯૯૭માં પણ આ જ રીતે શ્રાવણ મહિનાનો પ્રારંભ સોમવારે અને શ્રાવણ મહિનાની પૂર્ણાહુતિ પણ સોમવારે થતી હતી. આ જ ક્રમ વર્ષ-૨૦૧૭માં આવ્યો છે. જેને કારણે શિવભક્તો માટે આનંદની સ્થિતિ કહી શકાય. ખાસ કરીને આ મહિનામાં પાંચ સોમવાર પણ આવી રહ્યા છે. જે અંતર્ગત તા. ૨૪ જુલાઈ, તા. ૩૧મી જુલાઈ, તા. ૭ ઓગસ્ટ, તા. ૧૫ ઓગસ્ટ, તા. ૨૧ ઓગસ્ટે સોમવાર આવે છે. તેમાં પણ તા. ૭મીએ પૂનમનાં રોજ એટલે કે રક્ષાબંધનનાં દિવસે પણ સોમવાર છે., જેનું પણ એક ખાસ મહત્ત્વ છે. એ જ રીતે તા. ૧૫ ઓગસ્ટ એટલે કે સ્વતંત્રતા દિન અને જન્માષ્ટમીના દિવસે જ સોમવાર આવે છે. આમ, એક જ દિવસે શ્રીકૃષ્ણ અને શિવજીની આરાધના કરવામાં આવશે. ખાસ કરીને રાષ્ટ્રભક્તિનો પણ દિવસ બની રહેશે. એટલે કે ત્રણ પર્વ એક જ દિવસે સમગ્ર દેશમાં ઉજવાશે. ખાસ પ્રકારથી શિવાર્ચન થશે, શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને સ્વતંત્રતા દિનની ઉજવણી કરવામાં આવશે.

જ્યોતિષીઓના મતે તા. ૨૧મી ઓગસ્ટના રોજ જે શ્રાવણ માસની પૂર્ણાહુતિ થઈ રહી છે એટલે કે શ્રાવણ માસની અમાસ આવી છે, તે પણ સોમવારે આવી છે. જેને કારણે 'શ્રાવણની સોમવતી અમાસ' બનતાં તેનું મહત્ત્વ બમણું બની જાય છે. આ દિવસે મોટી સંખ્યામાં રુદ્રાભિષેક, બિલ્વાભિષેક, રુદ્ર યાગ વગેરેનું આયોજન પણ સવિશેષ ફળ આપનારું બની રહે છે.

ખાસ કરીને આ દિવસ શિવજીની ઉપાસના માટે સવિશેષ બની રહેશે. આ દિવસે શ્રદ્ધાળુઓએ અચૂક શિવાલયમાં જઈને કાળા તલ અને ગાયના દૂધ મિશ્રિત જળથી અભિષેક કરી શકાય છે અને સાથોસાથ ૧૦૮ વખત 'ઓમ્ નમઃ શિવાય'નો જાપ કરવો જોઈએ. જેનાથી શિવજીની કૃપા મળતાં વ્યક્તિને આરોગ્યની પ્રાપ્તિ થાય છે. જો શક્ય હોય તો અષ્ટાધ્યાયી રુદ્રીનું શ્રવણ પણ કરી શકાય છે અને વિદ્વાનો દ્વારા અષ્ટાધ્યાયી રુદ્રીના પઠન સાથે અભિષેક પણ કરાવી શકાય છે, તેનું સવિશેષ મહત્ત્વ હોય છે.

# ગુજકેટ-સાયન્સનું પરિણામ ૧૭મી મેના રોજ જાહેર કરાય તેવી શક્યતા

## શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાની તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ : ૧૦ મેના રોજ પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૦ મેના રોજ ગુજકેટની પરીક્ષા લેવામાં આવનાર છે. ગુજકેટની પરીક્ષા પૂર્ણ થયા બાદ તાત્કાલીક મુલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવાશે અને શક્યતઃ પાંચ દિવસમાં મુલ્યાંકન પૂર્ણ કરી બોર્ડ દ્વારા સાયન્સના પરિણામ સાથે જ ગુજકેટનું પરિણામ જાહેર કરાશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૧૭ મે આસપાસ ગુજકેટ અને સાયન્સનું પરિણામ એક સાથે જાહેર કરવાનું આયોજન બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. ગુજકેટની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧.૩૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા ૧૦ મેના રોજ ગુજકેટની પરીક્ષા લેવામાં આવનાર છે. ગુજકેટની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧.૩૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગુજકેટની પરીક્ષા સવારે ૧૦ વાગ્યે શરૂ થશે અને બપોરે ૪ વાગ્યે પૂર્ણ થશે. ત્રણ તબક્કામાં પરીક્ષાનું આયોજન કરાયું છે. જેમાં પ્રથમ તબક્કામાં સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમિયાન કેમેસ્ટ્રી અને ફિઝીકસની પરીક્ષા લેવાશે. ત્યારબાદ એક કલાકના વિરામ બાદ બપોરે ૧થી ૨ વાગ્યા દરમિયાન બાયોલોજીનું પેપર લેવાશે અને ત્યારબાદ ફરી એક કલાકના વિરામ બાદ બપોરે ૩થી ૪ વાગ્યા દરમિયાન ગણિતની પરીક્ષા લેવામાં આવનાર છે.

રાજ્યમાં અગાઉ ડિગ્રી એન્જિનિયરિંગ અને ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે જેઈઈ મેઈનની પરીક્ષા લેવાતી હતી. પરંતુ સરકારે જેઈઈ મેઈનની પરીક્ષા રદ કરી તેના બદલે ગુજકેટની પરીક્ષા દાખલ કરતા આ વર્ષે ગુજકેટના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. ગુજકેટની પરીક્ષાને લઈ બોર્ડ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

ગુજકેટની પરીક્ષા ૧૦ મેના રોજ પૂર્ણ થયા બાદ ૧૧ મેના રોજથી મુલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવાશે. ગુજકેટની પરીક્ષા ઓ.એમ.આર. પધ્ધતિથી લેવામાં આવતી હોવાથી પાંચેક દિવસમાં જ મુલ્યાંકનની કામગીરી પૂર્ણ કરી દેવાશે. ત્યારબાદ સાયન્સના પરિણામ સાથે જ ગુજકેટનું પરિણામ પણ જાહેર કરવામાં આવશે. સુત્રોના જણાવ્યા પ્રમાણે બોર્ડ દ્વારા ૧૭મીએ ગુજકેટનું અને સાયન્સનું પરિણામ એક સાથે જાહેર કરવાનું આયોજન કરાયું છે.

બોર્ડ દ્વારા આ વખતે સાયન્સનું પરિણામ વહેલું જાહેર કરવાની તૈયારી કરવામાં આવી હતી. પરંતુ ઉપરથી ઠપકો મળ્યા બાદ હવે ગુજકેટનું પરિણામ અને સાયન્સનું પરિણામ એક સાથે જાહેર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે બોર્ડ દ્વારા હજુ સુધી સત્તાવાર રીતે પરિણામની તારીખ જાહેર કરી નથી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૨૫, ૯.૪૫

**સ્ક્રીન-૩**
બાહુબલિ-૨
૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૧૨.૩૦, ૫.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(હિન્દી, ૩ડી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૦.૦૦,
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૧.૦૦

## શ્રી અરવિંદ, શ્રી માતાજીના ગ્રંથોના અભ્યાસ વર્ગમાં જોડાવા બાબત

ગાંધીનગર, તા. ૯

શ્રી અરવિંદ સોસાયટી, વડોદરા દ્વારા આયોજિત શ્રી અરવિંદ તથા શ્રી માતાજીના ગ્રંથોનો પરિચય આપતો અભ્યાસ વર્ગ આગામી તા. ૨૨ થી ૨૮ મે દરમિયાન શ્રી અરવિંદ નિવાસ, વડોદરા ખાતે યોજવામાં આવ્યો છે. આ અભ્યાસ વર્ગમાં જોડાનારને વડોદરા ખાતે જવા-આવવાનું એસટી બસનું ભાડું આપવામાં આવશે તેમજ વડોદરા ખાતે રહેવા-જમવાની સુવિધા નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ અભ્યાસ વર્ગમાં જોડાવા માગતા સર્વ ભાઈ-બહેનોને પોતાનાં નામ તા. ૧૭ મે સુધીમાં શ્રી અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩ ખાતે સવારે ૧૦થી ૧૨ તથા સાંજે ૬થી ૭ દરમિયાન રૂબરૂ મળીને નોંધાવવા શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# આપણાં જીવનમૂલ્યો આપણી આસપાસ એક 'ઓરા'નું સર્જન કરે છે




vamlani@yahoo.co.uk

આપણી આસપાસના ઘણા લોકો, ખાસ આરીએ ને આપણી નજીક ના લોકો આપણને ઘણીવાર રહસ્યમય, ભેદી કે ગૂઢ લાગતા હોય છે. આપણે ઘણીવાર આપણાં રોજબરોજ ના વ્યવહારની ભાષામાં એવા લોકો માટે 'મીંઢા' જેવો શબ્દ પણ વાપરીએ છીએ. આ પ્રકારના વ્યક્તિત્વને અંતર્મુખી વ્યક્તિત્વ પણ કહે છે. આ પ્રકારના લોકોના મનનો તાગ પામવો મુશ્કેલ હોય છે. આવા લોકો ના ચારિત્ર્યના ગૂઢ રહસ્યો ભાગ્યે જ છતા થાય છે. આપણે આપણી નજીકની વ્યક્તિના રહસ્યો નથી જાણી શકતા એટલે આપણે પણ અસ્વસ્થ થઈ જઈએ છીએ. આપણે અસ્વસ્થ થઈ જઈએ છીએ તેનું એક કારણ એ હોય શકે કે આપણે એ લોકોને માપી શકતા નથી. જે વ્યક્તિને આપણે માપી ના શકીએ એવા લોકો ને આપણે ક્યારેય પામી પણ શકતા નથી.

જ્યારે કોઈપણ વ્યકિતને આપણે સંપૂર્ણ માપી શકતા નથી, પામી શકતા નથી એટ આપણે તેના બાહ્ય દેખાવને આધારે તેઓને ઓળખવાનો પ્રયત્ન કરીએ છીએ. બાહ્ય દેખાવ એ વ્યક્તિનું સંપૂર્ણ સ્વરૂપ નથી અને બાહ્ય દેખાવમાં વ્યક્તિ કોઈ પણ પ્રકારના ગમે ત્યારે બદલાવ પણ લાવી શકે છે એટલે માત્ર બાહ્ય દેખાવને આધારે વ્યક્તિની ઓળખ અને તેના આધારે તેમની સાથે સંબંધો ગમે ત્યારે નિષ્ફળ જઈ શકે છે.

વ્યક્તિની સંસ્કારિતા, તેના જીવનના મૂલ્યો, તેની જીવન જીવવાની રીત, તેનો સંબંધો નિભાવવાનો અભિગમ અને તેના જીવનને જીવવાના અભિગમના આધારે વ્યક્તિની સાચી ઓળખ થાય છે. જીવનના મૂલ્યો રાતોરાત કેળવાતા નથી કે ગઠીત થતાં નથી અને રાતો રાત બદલાતા પણ નથી. જીવનના મૂલ્યોના મૂળ ખૂબ જ ઊંડા હોય છે જેને જળમૂળમાથી ખેંચીને કાઢી શકાતા નથી. વ્યકિતની સંસ્કારિતા, તેના જીવનના મૂલ્યો, તેની જીવન જીવવાની રીત, તેનો સંબંધો નિભાવવાનો અભિગમ અને જીવનને જીવવાના અભિગમના આધારે વ્યકિતની સાચી પ્રતિષ્ઠા, ખ્યાતિ, નામના, મોભો કે આબરૂ બંધાતા હોય છે. વ્યક્તિની પ્રતિષ્ઠા, ખ્યાતિ, નામના, મોભો કે આબરૂ કે એવું કોઈપણ નામ આપીએ પણ વ્યક્તિના વ્યક્તિત્વના મૂલાધાર તો વ્યક્તિની સંસ્કારિતા અને મૂલ્યો છે જે વ્યક્તિના મૂળમાં છે.

માણસ જીવનના કેટલાક મૂલ્યો પોતાના જન્મ સાથે જ લેતો આવે છે જે તેને વારસામાં મળેલા હોય છે. કેટલાક મૂલ્યોનું ગઠન જન્મ પછી થાય છે. જન્મ પછી ગઠન થતાં મૂલ્યોનો આધાર વ્યક્તિનું કુટુંબ, કુટુંબનું વાતાવરણ, તેનું ઘડતર, તેનું શિક્ષણ, તેની સામાજિક પશ્ચાદભૂ, જેવા પરિબળો ઉપર અવલમબે છે.



મૂલ્યોનું ગઠન કઠિન નથી પણ મૂલ્યોનું ગઠન થયા પછી તેનું જતન કરવું કઠીન છે .વ્યક્તિ જે રીતે મૂલ્યોનું જતન કરે છે અને મૂલ્યોને વળગીને જે રીતે જીવન જીવે છે તેના આધારે જ વ્યક્તિના વ્યક્તિત્વનું ઘડતર થાય છે, તેની આબરૂ બંધાય છે અને તેના આધારે જ તેનું સમાજમાં વ્યક્તિત્વ ઉપસી આવે છે. 'ફલાણી વ્યકિત ખૂબ જ પ્રમાણિક', 'ફલાણા ભાઈ ખૂબ જ માયાળું', ફલાણા અધિકારી ખૂબ જ મહેનતુ', 'ફલાણી કામવાળી બાઈ હાથની ચોખ્ખી', ફલાણો કામવાળો રામલો ખુબ જ ચીવટવાળો', આ પ્રકારની કે એવી બધી જ છાપ કે આબરૂ વ્યક્તિના જીવનના મૂલ્યોને આધારે નક્કી થતી હોય છે. આ પ્રકારે જીવનમાં મૂલ્યોને વ્યક્તિ વળગી રહે છે પછી એ વ્યક્તિ વિષેની ધીમે ધીમે છાપ ઊભી થાય છે અને પછી એ વ્યક્તિ એક આબરૂ, એક પ્રતિષ્ઠા, એક નામના, એક મોભાનો હક્કદાર બની જાય છે. આ પ્રકારની આબરૂ બાંધવા માટે વ્યક્તિની ક્યારેક આખી જિંદગી પણ નીકળી જાય છે.

જીવનના મૂલ્યો એક ખજાનો છે જે વ્યક્તિની પોતાની પૂંજી, સંપતિ અને મૂડી છે. એ સંપતિ વ્યક્તિથી વેચાય પણ નહીં અને વહેંચાય પણ નહીં. જીવનના મૂલ્યો થકી જીવનનો જંગ પણ જીતી શકાય છે અને જીવનના સંગ પણ જીતી શકાય છે. જેટલી કાળજીથી વ્યક્તિ પોતાની સંપતિનું જતન કરે છે એથી પણ વધારે કાળજી થી જીવનના મૂલ્યોનું જતન કરવું પડે છે કારણ કે એ વધારે કીમતી છે. હીરા કે માણેકની ખાણને આપણે ખૂબ જ મહેનત કરીએ ને ખોદીએ, ઊંડાણમાં જઈને તેને શોધી કાઢીએ, ખોદી ખોદીને બહાર લાવીએ, તેમાં પહેલ કે પાસા પાડીને ચકદાર ને રણકદાર બનાવીએ ને પછી એમ જ છોડી દઈએ તો? સ્વાભાવિક રીતે જ લૂંટારા લૂંટી જશે કે ચોર ચોરીને લઈ જશે. જીવનના મૂલ્યોનું પણ એવું જ છે. ખૂબ જ મહેનત કરીને મૂલ્યોનું ગઠન કરું હોય તેનું જો જતન ના કરીએ, સાચવી રાખવા માટે પ્રયત્નો ના કરીએ તો આપણાં જીવન મૂલ્યો ઉપર હુમલો કરવા માટે અનેક આંખો ટાંપી ને બેઠી હોય છે. આવી આંખોથી બચતા રહીએ અને મૂલ્યોનું જતન કરતાં રહીએ, મૂલ્યોને અકબંધ રાખીએ, આક્રમણથી સતત બચતા રહીએ કારણ કે એકવાર જીવનના મૂલ્યો ને ગુમાવી દીધા પછી સમજો કે બધુ જ ગયું. તેથી જ આપણે આપણાં મૂલ્યોને સાચવવા માટે ખબરદાર રહીએ. મૂલ્યોનું ગઠન કરતાં વર્ષો લાગે છે પણ ગુમાવતાં કદાચ એક જ ક્ષણ. હા, જીવનના મૂલ્યો હોય છે તો 'સ્ટર્લિંગ' (Sterling) એટલે કે નક્કર, જેને સહેલાઈ થી કોઈ તોડી શકતું નથી પણ તેની કાચ જેવી કાળજી રાખવી પડે. ક્યારેક જો બેધ્યાન કે બેદરકાર રહીએ તો ક્ષણવારમાં તો એ મૂલયોનો ભાંગીને ભુક્કો થઈ જાય, ચૂરચૂર થઈ જાય. એક વાર મૂલ્યોનો ભાંગીને ભુક્કો થઈ જાય પછી એ તૂટેલા કાચની કરચ ક્યારેય હાથમાં ના જ આવે.

જીવનનું કોઈ પણ વ્યવહાર હોય, એ પછી આપણાં આર્થિક વ્યવહારો હોય, આપણાં સામાજિક વ્યવહારો હોય, આપણાં રાજનૈતિક વ્યવહારો હોય, આપણાં ધાર્મિક વ્યવહારો હોય કે આપણાં માનવીય સંબંધોના વ્યવહારો હોય, કોઈપણ ક્ષેત્રમાં કે કોઈપણ વ્યવહારમાં મૂલ્યોની રખાવટ જરૂરી છે.

આપણાં મૂલ્યોનું રક્ષણ આપણે કરશું તો મૂલ્યો આપનું રક્ષણ કરશે. આપણાં જીવન મૂલ્યો આપણાં શસ્ત્રો છે, એક બ્રહ્માસ્ત્ર છે, આપણાં પહેરેગીર છે, એક શકિત છે, શક્તિનું એક સ્ત્રોત છે. આપણાં જ જીવનમૂલ્યો આપણી આસપાસ એક 'ઓરા' નું સર્જન કરે છે જેનાથી લોકો પ્રભાવિત થાય છે, અંજાઈ જાય છે, આપણાં પ્રશંશક બની જાય છે, આપણાં પૂજક બની જાય છે.

# આજે બુદ્ધ જયંતી : એવોર્ડ વિતરણ સમારોહ યોજાશે

## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં સરદાર પટેલ મેમોરિયલ ખાતે સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૯

અમદાવાદ શહેરમાં તા. ૧૦ મે ને બુધવારના રોજ તથાગત ગૌતમબુદ્ધ જયંતી ઉજવણી નિમિત્તે અને ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતીના અવસરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં વિવિધ એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન સાંજે ૪ વાગ્યાથી સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ ઓડિટોરિયમ, શાહીબાગ ખાતે કરવામાં આવ્યું છે. સંઘકાય ફાઉન્ડેશન, ગુજરાત અને રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા ભિખ્ખુ સંઘના પ્રેસિડેન્ટ ભંતે સદાનંદ મહાથેરો, વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, મંત્રી આત્મારામ પરમાર પણ ઉપસ્થિત રહેશે.

આ અંગે ભંતે પ્રશીલરત્ન ગૌતમે પત્રકારોને જણાવ્યું કે તા. ૧૦મી મેના રોજ બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, મહાત્મા ગાંધી એવોર્ડ, કબીર દલિત સાહિત્ય એવોર્ડ, સાવિત્રીભાઈ ફૂલે દલિત મહિલા-સાહિત્ય એવોર્ડ, દાસીજીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડ સહિતનાં એવોર્ડ વિતરણ સમારોહ મુખ્યમંત્રી વિજયરૂપાણીની ઉપસ્થિતિમાં યોજાશે. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, મંત્રી આત્મારામ પરમાર, ભંતે સદાનંદ મહાથેરો પણ ઉપસ્થિત રહેશે. જ્યારે મેયર ગૌતમભાઈ શાહ, સાંસદ ડૉ.કિરીટભાઈ સોલંકી, વિનોદભાઈ ચાવડા સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે.

તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમનો પ્રારંભ બુદ્ધવંદના સાથે થશે. ત્યારબાદ ભગવાન બુદ્ધના જીવન-પ્રસંગો અંગે ઓલ ઈન્ડિયા ભિખ્ખુ સંઘના પ્રેસિડેન્ટ ભંતે સદાનંદ મહાથેરોજી દ્વારા પ્રવચન યોજાશે. ત્યારબાદ મુખ્યમંત્રીનું પ્રાસંગિક ઉદ્‌બોધન થશે અને કાર્યક્રમના અંતે એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ૨,૦૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહેશે.

તેમણે જણાવ્યું કે આ વર્ષે બુદ્ધ જયંતી નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા પણ સવિશેષ આયોજન થયું છે. સાથે જ ભારત સરકાર દ્વારા પણ આ ક્ષેત્રે મહત્ત્વના આયોજન થઈ રહ્યા છે. વર્ષ-૨૦૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બુદ્ધ જયંતીનું વિશાળ આયોજન થયું હતું અને આ વર્ષે બુદ્ધ જયંતીનો આંતરરાષ્ટ્રીય સ્તરનો કાર્યક્રમ યુનાઈટેડ નેશન્સ અને શ્રીલંકન સરકારના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહ્યો છે, જેનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરવાના છે.